અપીલ અરજી નં.૩૪૮ તા.૨૦–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સરવર હુસેન નગદ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સરવર હુસેન નગદની તા. ૧૨–૮–૧૧ની અરજીથી ચોકબજાર સાગર હોટલથી હિજડાવાડ ચાર રસ્તા અને નવસારી બજારથી હિજડાવાડ ચાર રસ્તા વાળી ઝુંપડપટ્ટી ખસેડવામાં ભેદભાવ થયો હોય નીચે જણાવેલ મુદ્દાની માહિતી આરટીઆઈ એકટ ૨૦૦૫ હેઠળ આપવા મહેરબાની કરશોજી મુદ્દા નં. (૧) સાગર હોટલથી હિજડાવાડ અને નવસારી બજારથી બાલાપીર દરગાહ સુધી તમામ લઘુમતીના ઝુંપડા તોડી નાંખવામાં આવ્યા છે તો પછી મદીના મસ્જીદથી હિજડાવાડ ચાર રસ્તા તેમજ બાલાપીરની દરગાહના સામેના ઝુંપડા કેમ તોડવામાં આવતા નથી વિ. મુદ્દા નં.(૧)થી (૮)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૪૮/૨૦૧૧–૧૨

શ્રી સરવર હુસેન નગદની તા. ૧૨–૮–૧૧ની અરજીથી ચોકબજાર સાગર હોટલથી હિજડાવાડ ચાર રસ્તા અને નવસારી બજારથી હિજડાવાડ ચાર રસ્તા વાળી ઝુંપડપટ્ટી ખસેડવામાં ભેદભાવ થયો હોય નીચે જણાવેલ મુદ્દાની માહિતી આરટીઆઈ એકટ ૨૦૦૫ હેઠળ આપવા મહેરબાની કરશોજી મુદ્દા નં. (૧) સાગર હોટલથી હિજડાવાડ અને નવસારી બજારથી બાલાપીર દરગાહ સુધી તમામ લઘુમતીના ઝુંપડા તોડી નાંખવામાં આવ્યા છે તો પછી મદીના મસ્જીદથી હિજડાવાડ ચાર રસ્તા તેમજ બાલાપીરની દરગાહના સામેના ઝુંપડા કેમ તોડવામાં આવતા નથી વિ. મુદ્દા નં.(૧)થી (૮)ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન./આરટીઆઈ/આઉટ નં./૧૦૧૩ તા. ૧૨–૯–૧૧ તથા ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી(ટી.પી.)ના પત્ર નં. ટીપીડી/ આ / આરટીઆઈ /૩૧૮ તા. ૧૨–૧૦–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૦–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૦૨૧ તા.૪–૧૧–૧૧ થી ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ડે. કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) તથા અરજદારને અપીલમાંની રજુઆત–દાવા અંગે કોઈ આધાર સમર્થન હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૧૪ તા.૧૭–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારનીમુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૧૩ તા.૧૨–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી કોઈ વિગત કે રજૂઆત મળેલ નથી. .

અરજદારની તા.૧૨–૮–૧૧ ની અરજીથી ચોકબજાર સાગર હોટલથી હિજડાવાડ ચાર રસ્તા અને નવસારી બજારથી હિજડાવાડ ચાર રસ્તા વાળી ઝુંપડપટ્ટી ખસેડવા અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૧૦૧૨ તા.૧૨–૯–૧૧ થી મુદ્દા નં.૧ માટે એક માસના વિલંબથી ટાઉન પ્લાનરશ્રી ટાઉન પ્લાનીંગ ખાતામાં તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના આપેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ તા.૨૦–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૧૦૧૩ તા.૧૨–૯–૧૧ થી માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં. (૧) સાગર હોટલથી હિજડાવાડ અને નવસારી બજારથી બાલાપીર દરગાહ સુધી તમામ લઘુમતીના ઝુંપડા તોડી નાંખવામાં આવ્યા છે તો પછી મદીના મસ્જીદથી હિજડાવાડ ચાર રસ્તા તેમજ બાલાપીરની દરગાહના સામેના ઝુંપડા કેમ તોડવામાં આવતા નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ૬૦.૦ ફુટના રસ્તા રેખાની અસરમાં આવતા સુરત મહાનગપાલિકાની જમીન ઉપર મહદઅંશે ઝુંપડાઓ સ્થળાંતર કરવામાં આવેલ છે જે ઝુપંડાઓ ખાનગી જમીન પર આવેલ છે તે માટે આ અરજી ટાઉન પ્લાનીંગ જાહેર માહિતી અધિકારીને તા.૧૨–૯–૨૦૦૮ થી તબદીલ કરવામાં આવેલ છે. મુદ્દા નં.(૨) શું લઘુમતી અને બહુમતીના ડીમોલીશનમાં ભેદભાવ કરવામાં આવી રહયો છે કે કેમ?

તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડ હેઠળની માહિતી આપવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) લઘુમતીના ઘરો તોડી નાંખી બહુમતીના ઘરો બચાવી લેવા કોઈ રાજકીય દબાણ છે? હોય તો તેમના નામ આપો કે તેમની વિરુધ્ધ ગુજરાત હાઈ. માં ફરીયાદ કરાય? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડ હેઠળની માહિતી આપવામાં આવે છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલ તબકકે મુદ્દા નં.૨ અને ૩ બાબતે જવાબ આપવામાં આવેલ નથી કેમકે લઘુમતી સમાજના સરકારી પ્લોટ પરથી ઝુંપડા દુર કરી દેવાયેલ છે અને આવા જ સરકારી પ્લોટ પરથી હિજડાવાડ વિસ્તારના ઝુંપડા કેમ દુર કરવામાં આવ્યા નથી તેની માહિતી છુપાવવા માટે રેકર્ડ આધારીત જવાબ આપવાનો સહારો લેવામાં આવ્યો છે. મુદ્દા નં.(૪) હિજડાવાડ નાકાની વસ્તી દરબાર એપાર્ટ.ના ઝુંપડાઓ વાળામાંથી કોને કોને કોસાડમાં ફલેટ અપાઈ ગયા છતાં તેઓના ઝુંપડા દુર કરાતા નથી શા માટે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાની જગ્યા ઉપર આવેલ ઝુંપડાઓ સ્થળાંતર કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં. (૫) બંને સાઈટ સાગર હોટલથી હિજડાવાડ ચાર રસ્તા અને નવસારી બજારથી હિજડાવાડ ચાર રસ્તા સુધી કોને કોને કોસાડમાં ઘર અપાયા છે તેમ છતાં તેઓને ખસેડવામાં આવ્યા નથી તેમના તમામના નામ સાથે લીસ્ટ આપશો અને આ ઉપરોકત તમામ વસાહત દુર કરવાની લેખિત બાંહેધરી આપો? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પખાલીવાડથી હિજડાવાડ ચાર રસ્તા ઉપર આવેલ HIN નંબર ૫૭ વાળા જીવીબેન હીરાભાઈ સોસા ને કોસાડ ખાતે આવાસ ફાળવેલ છે પરંતુ સરકારી ભાડાપટ્ટાની જગ્યા હોવાના કારણે આવાસ પરત લેવા અરજી કરેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારને પખાલીવાડ HIN નંબર ૫૭ વાળા જીવીબેન હીરાભાઈ સોસા ને કોસાડ ખાતે આવાસ ફાળવેલ છે પરંતુ સરકારી ભાડા પટ્ટા વાળી જગ્યા હોવાને કારણે આવાસ પરત લેવા અરજી કરેલ છે તે માહિતી ખોટી છે. અસલમાં અમોએ સીટી સર્વેમાં તપાસ કરતાં આવો કોઈ પ્લોટ ભાડાપટ્ટેથી આપેલ નથી. પણ ગેરકાયદેસર કબ્જો જમાવવામાં આવેલ છે માટે સાચી માહિતી આપવા હુકમ કરશો તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) મારા પોતાના ૬( છ) ઘર ડીમોલીશનમાં ગયા છે તો શું હું અને ડીમોલીશનવાળા બીજા લોકો ડીમોલીશનવાળી જગ્યા પર પુર્ન વસન ચાલુ કરીએ જયારે બહુમતી વાળા ઝુંપડા તોડવામાં આવતા નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સ્થા. સ. ના ઠરાવ નં.૧૮૩૭/૨૦૦૭ તથા ૮૧૪/૨૦૦૯ ના નિતિ નિયમો અનુસાર કોઈ પણ એક વ્યકિતને ૬ આવાસ ફાળવવામાં આવતા નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે શહેર વિકાસના કામને પ્રોત્સાહન આપવા અમારા ૬ (છ) ઘર વગર લાલચે આપી દીધા છે અને એસએમસીએ પણ કોઈના દબાણ હેઠળ નહીં આવી શહેર વિકાસના કામમાં કોઈ ભેદભાવ નહીં રાખી પગલા ભરવા જોઈએ તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૭) સાગર હોટલથી હિજડાવાડ ચાર રસ્તાના (જી) ગર્વમેન્ટ પ્લોટો પરના તમામ ઝુંપડા ખસેડી દેવામાં આવ્યા છે તો પછી બીજાઓના (જી) ગર્વમેન્ટવાળા શા માટે ખસેડવામાં આવતા નથી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રસ્તારેખાની અસર હેઠળ આવતા સરકારી જમીન ઉપરના ઝુંપડાઓ સેન્ટ્રલઝોન કક્ષાએથી આવાસ ફાળવી સ્થળાંતર કરવામાં આવે છે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે આપેલી માહિતી ખોટી છે કારણકે હીજડાવાડ દરબાર એપાર્ટ. ની સામેના સરકારી પ્લોટ પરના (ભાડા પટ્ટા વાળા નથી સીટી સર્વે મુતાબીક) કેમ દુર નથી કરાયા અને શા માટે? તો તાત્કાલીક આવા ઝુંપડા દુર કરી જવાબ આપવા હુકમ કરશો. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૮) ૬૦ ફુટ રોડ વાળા બંને સાઈટના સાગર હોટલથી હિજડાવાડ ચાર રસ્તા અને નવસારી બજારથી હિજડાવાડ ચાર રસ્તા સુધીના એલાઈમેન્ટવાળી નકશાની કોપી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની નકલો રૂા.૨૦૦૦/– સેન્ટ્રલઝોન કચેરીએ ભરપાઈ કર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી મુદ્દા નં.૮ થી માંગવામાં આવેલ માહિતી અન્વયે સાગર હોટલથી હિજડાવાડ ચાર રસ્તા સુધીના રસ્તા પરની મંજુર ૬૦ ફુટ પહોળાઈની રસ્તા રેખાની નકશાની નકલ ટાઉન પ્લાનીંગ કચેરીમાં રૂા.૨૦૦/– જમા કરાવ્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે બે પાનાની નકશાની કોપીનો ચાર્જ રૂા.૨૦૦૦/– શું જાણી જોઈ હકીકત છુપાવવા માટે આવી રકમ ભરવા જણાવેલ છે કે કેમ? આજ નકશાની કોપી ટાઉન પ્લાનીંગ ડીપાર્ટ. તરફથી રૂા.૨૦૦/– ભરવાનું ફરમાન કરેલ છે તો એસએમસીના બે ડીપાર્ટ. ના કોપી ચાર્જ જુદા જુદા આવુ કેમ? એટલે હુકમ કરી આ નકશાની કોપી આપવા હુકમ કરશો તેવું જણાવેલ છે. અરજદારને અપીલમાંની રજુઆત–દાવા અંગે કોઈ આધાર સમર્થન હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ જે બાબતે અરજદાર તરફથી કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. અરજદારે અપીલ તબકકે મુદ્દા નં.૨ અને ૩ બાબતે આક્ષેપયુકત રજૂઆત કરેલ છે પરંતુ તક આપવા છતાં સમર્થનમાં કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. જયારે મુદ્દા નં.૪,૫ અને ૭ અંગે સીટી સર્વે કચેરીના દફતરનો હવાલો આપેલ છે પરંતુ તેવા કોઈ આધાર તક આપવા છતાં અપીલ તબકકે રજૂ કરેલ નથી. સદર પ્રશ્નો બાબતે આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતી આપવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ વિગતે પૂરી પડાયેલ છે. પરંતુ મુદ્દા નં.૮ બાબતે નકશાની કોપીનો ચાર્જ બંને જાહેર માહિતી અધિકારીઓ ધ્વારા સમય મર્યાદા બાદ અલગ અલગ જણાવેલ છે તેની સ્પષ્ટતા કરી અરજદારને મુદ્દા નં.૮ ની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પારસ્પરિક સંકલનમાં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તથા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)ને જણાવવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી સરવર હુસેન મોહંમદ નગદ